મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૯-૦૩-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૪૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## મનપાના અધિકારીઓનું ભેજું કામ નથી કરતું કે શું ? : કરે કોઈક અને ભોગવે વેપારીઓ આ તે કેવી નીતી!

# મિ.ડે. કમિશ્નર તમારી મનપા કચેરીની બહારના જાહેર માર્ગ ઉપર વાહનો પાર્કિંગ કરીને કામ અર્થે આવતા અરજદારોની ભૂલ બદલ શું મનપા કચેરીને સીલ ન લગાવી શકાય?

**ડે.કમિશ્નરે જાહેર નોટીસ આપી શહેરના વેપારીઓને એક રીતે જોઈએ તો આડકતરી રીતે ધમકી જ આપી છેકે, તમારી દૂકાનના સામે જાહેર રોડ ઉપર કોઈ વાહન પાર્કિંગ કરી જશે તો દંડ દુકાનધારકે જ ભરવો પડશે આ તે કેવી વાત!**

**મનપાના અધિકારીઓ બુદ્ધી વાપરીને સંયમથી એક બે નહિ અનેક લોકોના વિચારો અને મંતવ્યોને ધ્યાને લઈને નિયમો બનાવે અન્યથા જનતા ભડકશે તો પછી જોવા જેવી થાય તો નવાઈ નહિ, આવી ચર્ચા શહેરમાં સંભળાઈ રહી છે**

**શહેરના જાહેર માર્ગ ઉપર વાહનો પાર્કિંગ કર્યા હોય તો જેતે દુકાનધારકો નહિ પરંતુ વાહન માલિકોને જ દંડિત કરવા જોઈએ, વાહનોને ટોઈંગ કરો અથવા તેના લોક મારીને મેમા ફટકારવાનું શરૂ કરો આમ જ ટ્રાફિકની જટીલ સમસ્યા ગણત્રીના દિવસોમાં જ દુર થઈ જશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા શહેરના જાહેર માર્ગો ઉપર વાહન ચાલકો દ્વારા આડેધડ પોતાના વાહનો પાર્કિંગ કરી દેવામાં આવતા હોઈ ટ્રાફીકની જટીલ સમસ્યા સર્જાતી હોવાનું શહેર ટ્રાફિક પોલીસને નહિ પરંતુ મનપાના ડેપ્યુટી કમિશ્નરના ધ્યાને આવ્યું છે. તાજેતરમાંજ ડે.કમિશ્નર દ્વારા એક જાહેર નોટીસ માધ્યમોમાં પ્રકાશિત કરી વેપારીઓને ચિમકી આપવામાં આવી છેકે, તમારી દુકાન કે કોમ્પલેક્ષની સામે જાહેર રસ્તા ઉપર કોઈ વાહન પાર્કિંગ થયેલું હશે તો તમારી મિલકત સીલ કરી દેવામાં આવશે. લ્યો બોલો આમા મનપાના અધિકારીએ પોતાની બુદ્ધીની તીવ્રતા દેખાડી છેકે પછી પ્રદર્શન કર્યુ છે એ તો શહેરના વેપારીઓ પાસે જઈ જઈને પૂછીએ તો કોઈ પાંચમાં ટેણીયો પણ પૂછવા જાય તો દર્પણ સાફ વાત સામે આવે કે દુકાન આગળ વાહન કોક મૂકી જાય અને મિલકત સીલ વેપારીની થઈ જાય આ તો કયાંય ન્યાય છે ?








## મહેસાણા મનપા બની શહેરને સુંદર બનાવવા જતાં અધિકારીઓ લોકોને ભયભીત કરી રહ્યા છે

રાજ્ય સરકારે જ્યારથી મહેસાણા શહેરની પાલિકાને મહા પાલિકાનો દરજ્જો છે અને અહિ આઈએએસ અધિકારીની નિમણુંક થઈ છે ત્યારથી શહેરને સુંદર બનાવવાના સપના સાથે અનેક વિધ રીતે કાર્યવાહીઓ કરવામાં આવી રહી છે. મનપા કમિશ્નરે પ્રથમ દબાણ હટાવ ઝુંબેશ ચલાવીને શહેરના માર્ગોને પહોળા કરવા અને સરકારી જગ્યાઓ ખાલી કરાવી પાર્કિંગ સહિતની સુવિધાઓ આપવા પહેલ કરી છે. તે આવકારદાયક છે. પરંતુ દબાણ હટાવમાં પણ વહાલા દવલાની નીતિઓ અખ્તાર કરાયા હોવાયાના આક્ષેપો પણ ઉઠ્યા છે. આમ પ્રથમ દબાણને લઈને અને હવે વાહન પાર્કિંગના મુદે શહેરીજનોને ભયભીત કરી દેવાનું કામ કયા રાજકીય નેતાના ઈશારે કરી રહ્યા છે. તેવી ચર્ચા શહેરીજનોમાં ઉઠી છે.

## વેપારીઓની દુકાન બહાર વાહન પાર્કિંગ થાય તો દંડ અને મપના કચેરીના સામે વાહન પાર્કિંગ થાય તો શું?

મનપાના ડે. કમિશ્નરે જે રીતે જાહેર નોટીસ આપીને કહ્યું છેકે, જે દુકાન કે કોમ્પલેક્ષની સામેના જાહેર રોડ ઉપર વાહન પાર્કિંગ હશે તો તેના જવાબદાર દુકાનદાર કે કોમ્લેક્ષના માલીકને ગણી તેમની મિલકત સીલ કરવામાં આવશે. તો મનપા કચેરીમાં વેરા ભરપાઈ, જન્મ-મરણના દાખલા લેવા સહિતના અનેક કામો માટે આવતાં અરજદારો મનપા કચેરી બહારના જાહેર માર્ગ ઉપર પોતાના વાહનો આડેધડ પાર્ક કરતાં હોય છે. તો શું મનપા કચેરીને પણ સીલ મારી દેવાશે? આવો પ્રશ્ન અનેક વેપારીઓના મન-મગજનમાં ગુમરાઈ રહ્યો છે ત્યારે ડે. કમિશ્નર આનો જવાબ આપશે ખરા ?

### વિજ વાયર તૂટવાની ઘટનાએ ખેડૂતની મહેનત પર પાણી ફેરવી દીધું

## બાસણા ગામે દુર્ભાગ્યપૂર્ણ ઘટના : વિજવાયર તૂટવાથી દોઢ વિઘા જમીનમાં ઉભા પાકમાં આગ ભભૂકી ઉઠી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના બાસણા ગામમાં એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના સામે આવી છે. ગામની સીમમાં આવેલા પ્રતાપભાઈ વિરમભાઈ ચૌધરીના ખેતરમાં વીજ વાયર તૂટી પડતાં આગ લાગી હતી. દોઢ વિઘા જમીનમાં ઊભા ઘઉંના પાકમાં આગ ભભૂકી ઊઠી હતી. ખેડૂત પ્રતાપભાઈએ ચાર મહિનાની મહેનત બાદ પાક તૈયાર કર્યો હતો. પરંતુ વીજ વાયર તૂટવાની ઘટનાએ તેમની મહેનત પર પાણી ફેરવી દીધું છે.



આગની જાણ થતાં મહેસાણા ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આગને કાબૂમાં લેવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘઉંનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનાથી ખેડૂતને મોટું આર્થિક નુકસાન થયું છે.

**તાત્કાલિક ગેસ્ટ હાઉસ વેચવાનું છે**
**અતિથિ ગેસ્ટ હાઉસ**
ફોરેન જવાનું હોવાથી, ચાલુ કંડીશનમાં ૧૨ રૂમ, કિચન, રિસેપ્સન કાઉન્ટર.
નારાયણ પ્લાઝા, સાંઈબાબા મંદિરની સામે, મહેસાણા.
99244 12925

### વિજાપુર હાઇવે ઉપર વાહનની ટક્કરે વિસનગરના યુવકનું મોત

ઈશ્વરજી સોમાજી ઠાકોરનો નાનો ભાઈ વિનુજી ઠાકોર છેલ્લા ત્રણ-ચાર વર્ષથી વિજાપુર ખાતે આવેલી રાકેશ પટેલની રાધિકા હોટલમાં નોકરી કરતો હતો અને અવારનવાર ઘરે આવતો જતો હતો. રવિવારે રાધિકા હોટલથી વિનુજી સાયકલ લઈને હિંમતનગર હાઈવે પર ગોવિંદપુરા ચોકડી તરફ જતો હતો. તે સમયે અજાણ્યા વાહન ચાલકે વિનુજીની સાઈકલને ટક્કર મારતાં શરીરને થયેલી ગંભીર ઈજાઓને પરિણામે તેનું મોત નીપજ્યું હતું.

### પૈસા બાબતે ત્રણ શખ્સે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી

## મહેસાણાના ગોઝારિયામાં પૈસાની ઉઘરાણીથી કંટાળી વૃદ્ધે એસિડ ગટગટાવી આપઘાત કરી લેતાં ચકચાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા તાલુકાના ગોઝારીયા ગામમાં એક ચકચારી ઘટના સામે આવી છે. અહીંના ૪-એ વન બંગલોઝમાં રહેતા ૬૦ વર્ષીય કૌશિક કુમાર પંચોલીએ એસિડ પી આત્મહત્યા કરી લીધી છે.પોલીસ ફરિયાદ મુજબ, ૧૫ માર્ચની વહેલી સવારે બે વાગ્યાના સુમારે કૌશિક કુમાર, તેમની પત્ની રેખાબેન અને પુત્રવધૂ ગીતાબેન ઘરે સૂતા હતા. તે દરમિયાન તેમના ઘરનો દરવાજો



ખખડાવવામાં આવ્યો હતો.

દરવાજો ખોલતાં દીકરા વિશાલને અમેરિકા મોકલી આપનાર ગૌરવ મોદી, ચિરાગ પટેલ અને કમલેશ પટેલ ઊભા હતા. આ ત્રણેય શખસે સાથે કૌશિક કુમારના ભત્રીજા રાજકુમાર પ્રવિણચંદ્ર પંચોલી પણ હતા. તેઓએ પૈસાની માંગણી કરી કૌશિક કુમાર સાથે ઝપાઝપી કરી હતી.ગૌરવ મોદીએ છરી કાઢીને કૌશિક કુમારનો કોલર પકડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સોસાયટીના લોકો આવતા ત્રણેય આરોપીઓ ત્યાંથી નીકળી ગયા હતા. જતાં-જતાં તેમણે સવાર સુધીમાં પૈસા ચૂકવવાની ધમકી આપી હતી.

થોડા સમય બાદ કૌશિક કુમારે બાથરૂમમાં રાખેલી એસિડની બોટલમાંથી એસિડ પી લીધું હતું. તેમને તાત્કાલિક મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારના રહેવાસી ગૌરવ મોદી, કમલેશ પટેલ અને ચિરાગ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બોરીસણાના બે મિત્રોને ઊંઘની ગોળી ખવડાવી કેનાલમાં ફેંકી મારી નાખ્યા

મહેસાણા,તા.૧૮

કલોલ પાસેના બોરીસણા ગામે રહેતા દશરથ સોમાજી ઠાકોર પોતાની કારમાં તેમના મિત્ર ગિરીશને લઈને ઘરેથી નીકળ્યા હતા. તેઓ ઘરે કહીને નીકળ્યા હતા કે મહેસાણા ખાતે પૈસા આપવા જવાનું છે અને રાત્રિના ત્રણેક વાગે આવશે. તેમ કહીને તેઓ નીકળ્યા હતા ત્યારબાદ ઘર વાળાઓએ તેમનો સંપર્ક કરતા તેમનો સંપર્ક થઈ શકતો ન હતો અને તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો જેથી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને તેમના ગુમ થવા અંગે કલોલ તાલુકા પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમની કાર કેનાલથી શેરીસા ગામ તરફ જવાના ઢાળ નજીક પડેલ હોવાનું માલુમ પડતા પરિવારજનો ત્યાં પહોંચી ગયા હતા અને તેઓએ પોલીસને જણાવેલ કે તેમના પિતા દશરથ ભાભર તાલુકાના ખડોસણ ગામે રહેતી મહિલા સાથે વાતચીત કરતા હતા જેથી તેનો પતિ ભરતજી જેમતુ ઠાકોરને તેની પત્ની સાથે દશરથજીના આડા સંબંધો છે તેઓ શક અને વહેમ રાખીને ભરતજી પાસેથી પૈસા માગતો હતો અને દશરથ તેને ઓનલાઈન પૈસા આપતા હતા તેમજ ભરતજીએ દશરથ જોડેથી પૈસા લઈને કાર ખરીદી હતી તે કાર તેણે દશરથજીના પુત્રના નામે ખરીદી હતી.

ત્યારબાદ તેણે ૧.૧૦ હજાર ભરતજી પાસેથી લઈને સાડીઓની દુકાન ચાલુ કરી હતી જેથી પોલીસે તે દિશામાં પણ તપાસ હાથ ધરી હતી બીજી તરફ રાપર પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી અને તેઓની પૂછતાછમાં તેઓએ કબુલાત કરી હતી કે દશરથ કાર લઈને તેમના મિત્ર ગીરીશજી સાથે આવ્યા હતા અને તેઓએ જમવામાં ઘેનની ગોળીઓ નાખી દઈ દશરથજી અને ગિરીશજીને જમાડયા હતા અને ત્યારબાદ ભરતજી દશરથની કાર લઈને આ બંનેને તેમાં બેસાડીને નીકળ્યો હતો અને પાછળ તેમની કારમાં તેના મિત્રો મેઘરાજ ઉર્ફે મેઘો ઉર્ફે રાજ ઠાકોર તથા પ્રકાશ વશરામ ઠાકોર આવી રહ્યા હતા અને દશરથજીને શેરીસા કેનાલ પાસે લાવીને દશરથજી અને તેના મિત્ર ગિરીશને કેનાલમાં ફેંકી દીધા હતા ત્યારબાદ તેઓ કાર લઈને કચ્છ જતા રહ્યા હતા જ્યાંથી રાપર પોલીસે તેમને ઝડપ્યા હતા.

બીજી તરફ દશરથની લાશ કડી પંથકની નર્મદા કેનાલમાંથી મળી આવી હતી જેથી રાપર પોલીસે પકડેલા તમામ આરોપીને સાંતેજ પોલીસને સોંપ્યા હતા સાંતેજ પોલીસે તેમની પૂછપરછ કરતા આ તમામે દશરથ તેના મિત્ર ગિરીશને કેનાલમાં નાખી દીધા હોવાની કબુલાત કરી હતી તેના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.

**વેચવાની છે**
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે
TATA SIGNA
4830TK
FULLY BUILT TIPPER
MODEL 2023
GJ 24-X 5119
સંપર્ક : હિતેશ ઠાકોર
9789090142




# ડોનાલ્ડ ટ્રમ્પ : ટેરીફ કરું ક્યા ઉસકી જીસને તુમ્હેં બનાયા

પાણીપુરી, ગુલાબજાંબુ, ખમણ, ભજીયાં વિ. એવી વસ્તુઓ છે જેનો તમને કદીય એકથી સંતોષ નથી થતો. વડાપ્રધાન/પ્રેસિડેન્ટની ખુરશીનું પણ એવું જ છે- એક બાર સે દિલ નહીં ભરતા... ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ એક કરતાં વધારે ટર્મ માટે વડાપ્રધાનપદે રહ્યા હતા. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ એક કરતાં વધારે ટર્મથી દેશના વડાપ્રધાન છે. અમેરિકામાં પણ એવું જ છે. વીસેક જેટલા પ્રેસિડેન્ટ લાગલગાટ બબ્બે ટર્મ સુધી અમેરિકાની સેવા કરી ચૂક્યા છે. ટ્રમ્પના નસીબ ઉલટી ખોપડીના હશે કે તે એકવાર પ્રમુખ બન્યા પછી બીજી ટર્મ હારી ગયા ને હવે ત્રીજી ટર્મમાં બીજીવાર પ્રમુખ બન્યા છે. જાન્યુઆરી, ૨૦૧૭ થી જાન્યુઆરી, ૨૦૨૧ની ટર્મ માટે એટલે કે ચાર વર્ષ માટે પ્રમુખ રહ્યા. જાન્યુઆરી, ૨૦૨૧ થી જાન્યુઆરી, ૨૦૨૫ એ ચૂંટણી હારીને ઘેર બેઠા. અને ફરી પાછા જાન્યુઆરી, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૯ તે માટે પ્રમુખ બન્યા છે.

માણસ પાસે સુંદર મજાની નોકરી કે કામધંધો હોય ત્યારે સરસ રીતે એ ટિફિન લઈને સવારે કામધંધે જતો હોય અને સાંજે ઘરે પાછો આવતો હોય. વારે-તહેવારે પત્ની-બાળકો સાથે ફિલ્મ જોવા જાય ને વળતાં કોઈ રેસ્ટોરાંમાં જમીને બધાં ઘરે પાછા ફરતો હોય. લાઈફ એકદમ સેટ હોય. ને એક દિવસે અચાનક એ નોકરી ચાલી જાય કે ધંધો બંધ થઈ જાય તો કેવો આઘાત લાગે! એની માનસિક સ્થિતિ કેવી ડામાડોળ થઈ જાય! ઘરમાં ચીડાયેલો ચીડાયેલો અને બહાર ફ્રસ્ટ્રેટ થઈને ફર્યા કરતો હોય. પાનના ગલ્લે ઉપર રહીને સાંભળેલી ને વૉટ્સએપમાં વાંચેલી વાતો સાચી માનવા લાગ્યો હોય. સંતાનોને વગર કારણે ઝુડી નાખતો હોય. વગદાર-ધનવાન લોકો સમક્ષ આશાભરી આંખે જોતો અને ઝુકતો થઈ ગયો હોય.

ને આ રીતે ચાર-પાંચ વર્ષ રફેદફે, અફરાતફરી અને અગડમ બગડમવાળું જીવન જીવ્યા બાદ ફરી પાછો એ ભાઈને પોતાની મૂળ નોકરી લાગી જાય કે તેનો મૂળ ધંધો શરૂ થઈ જાય એવું બની શકે. પણ વિચારો એ વખતે એની દિમાગી હાલત ફરી પાછી કેવી થઈ જાય! મે મહિનામાં મુંબઈથી ફર્સ્ટ ક્લાસ એસી ટ્રેનમાં પાંચ-છ કલાક મુસાફરી કરી કોઈ માણસ અમદાવાદ ઉતરે. ત્યાંથી ભરબપોરે પગપાળા ચાલીને ભદ્રકાળીના મંદિરે જાય. દર્શન કરી પગપાળા ચાલીને રેલવે સ્ટેશને આવે. વળતી ટ્રેનના ફર્સ્ટ ક્લાસ એસી કોચમાં બેસી ગઈ પાછો મુંબઈ જવા નીકળી જાય. એસીની ઠંડકમાંથી વૈશાખ મહિનાની બપોરનો અમદાવાદનો તડકો અને ફરી પાછી એસીની ઠંડક. બીજા દિવસે એને હોસ્પિટલમાં દાખલ કરવો પડે કે નહીં? ડોનાલ્ડ ટ્રમ્પની સ્થિતિ મોટા અંશે આવી જ છે.

પહેલી ટર્મમાં પ્રમુખપદની જાહોજલાલી, જગતજમાદારપણું અને ફાંકાફોજદારી ભોગવ્યા બાદ બીજી વારના ઈલેક્શનમાં હાર્યા ત્યારે ટ્રમ્પ કાયમ ચૂર્ણ લેવાનું ભૂલી ગયા હતા. ને તેથી એ હાર તે પચાવી ન શક્યા. એમના પાળેલા હજારો કટ્ટર સમર્થકોએ વોશિંગ્ટનમાં અફઘાનિસ્તાન-પાકિસ્તાનવાળી કરી મૂકી હતી. 'હું હારી ગયો છું.'- એ હકીકતનો સ્વીકાર કરવા અને પ્રમુખની ખુરશી છોડવા ટ્રમ્પ રાજી ન હતા. છેવટે કાયદાકીય ટીંગાટોળી કરી તેમને ઓવલના નામે ઓળખાતી અમેરિકન પ્રમુખની ચેમ્બરમાંથી રવાના કરવામાં આવ્યા હતા.

વિચાર કરો આ કક્ષાનો સત્તાનો આશિક ચાર વર્ષ ઘરે બેસી રહે પછી શું બાકી રાખે! અધૂરામાં પૂરું ચૂંટણી હાર્યા બાદ ટ્વીટર પર બેફામ ભાષામાં નિવેદનબાજી કરવા બદલ ટ્વીટર કંપનીએ તેમનું એકાઉન્ટ પણ સસ્પેન્ડ કરી દીધું હતું. ટૂંકમાં, અંદાઝ અપના અપના ફિલ્મમાં રમ પીને અટ્ટહાસ્ય કરી રહેલા સલમાન ખાનને જોઈ આમીર ખાન કહે છે તેવું ટ્રમ્પ સાથે થયું હતું : જબ દિલ તૂટતા હોય તો ઉસકા સીધા અસર દિમાગ પર હોતા હૈ.

હવે ઘવાયેલો, છંછેડાયેલો ને (પોતાના વાંકે) અપમાનિત થયેલો ડિઝનીલેન્ડનો સાવજ ચાર વર્ષના ઈન્ટરવલ બાદ ફરીથી વ્હાઈટ હાઉસમાં આવી ગયો છે. આવીને તરત જ બરાબર હલાવેલી બોટલમાંથી ઉડતી શેમ્પેઈનની છોળો જેમ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ચારેય બાજુ ઉછળી રહ્યા છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## જાહેર નોટીસ

### મે. શ્રી એલ.બી. ડાભી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વ મામલતદાર ખેરાલુ સાહેબની કોર્ટમાં

નંએમએજી/એસ.આર./૮૦/૨૦૨૪ તા.૨૮-૧૧-૨૦૨૪

**અરજદાર : ચૌધરી બબીબેન વિરાભાઈ ઉ.વ.૫૫**

ધંધો : ઘરકામ રહે. મુ. ખેરાલુ તા. ખેરાલુ જિ.મહેસાણા

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી-વ- સી.ઓ.નગર પાલિકા, ખેરાલુ તા. ખેરાલુ**

બાબત : બર્થ એન્ડ ડેથ રજી.એક્ટની કલમ-૧૩(૩) મુજબની જન્મની નોંધ કરવા સારૂ અરજ

મે. કલેકટર વ જિલ્લા મેજીસ્ટ્રેટના હુકમ નંબર- જેલપોલ-વશી ૧૧૦૨-૨૦૨૩ તા.૦૮-૧૧-૨૦૨૩ની વિગતે માંગણી મુજબની નોંધ કરવાના અધીકાર અમોને સોંપવામાં આવેલ છે.

ઉપરોક્ત, અરજદારશ્રી ચૌધરી બબીબેન વિરાભાઈનો જન્મ તેઓના ઘરે મુ. ખેરાલુ તા. ખેરાલુ જિ. મહેસાણા મુકામે તા. ૦૧/૦૧/૧૯૬૯ના રોજ થયેલ છે. સદર જન્મ-મરણ નોંધણી અધીકારી- વ- ચી.ઓ. નગર પાલીકા, ખેરાલુ તા. ખેરાલુના દફ્તરે શરત ચૂકથી કરાવેલ ન હોઈ આ કામના અરજદારશ્રીના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધીકારી-વ- ચી.ઓ. નગરપાલિકા તા. ખેરાલુના જન્મ રજીસ્ટ્રરે નોંધ કરી જન્મનો દાખલો કઢાવવા સારૂ આ અરજ કરેલ છે. જેથી લાગતા વળગતા ઈસમો/પેઢી/સંસ્થાને આ જાહરે નોટીસ આપી તાકીદ કરવામાં આવે છે. કે જેઓને અરજીના સંદર્ભમાં કોઈ વાંધો કે તકરાર હોય તો તે લગત કારણ દર્શાવવા માટે તેમણે જાતે અથવા માહિતગાર વકીલશ્રી મારફતે સરદ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દીન-૩૦માં અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વ મામલતદાર ખેરાલુ સાહેબની કોર્ટમાં ખેરાલુમાં સવારના ૧૨-૦૦ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહું અરજી સાંભળી આગળની યોગ્ય તે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. સબબ જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધ કરાવવા સંબંધ થયેલ માંગણના કામે આ કચેરીમાં સુનાવણી તા. ૩૦/૦૧/૨૦૨૫ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જે સુનાવણીના દિવસે પક્ષકારોને જરૂરી આધાર- પુરાવા-માહિતી સહ અમારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવે છે.

આજરોજ તારીખ : ૨૮ નવેમ્બર સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી<br>સહિ/-<br>મામલતદાર<br>વ<br>એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ખેરાલુ

## ગાંધીનગર ખાતે જિલ્લા ફેરપ્રાઈઝ શોપ ઓનર્સ એસો.ની મીટીંગ મળી

# સર્વર ડાઉન થતાં અનેક જિલ્લાઓમાં અનાજ વિતરણ વ્યવસ્થા અસરઃ ગાંધીનગરની બેઠકમાં મુદ્દો ઉછળ્યો

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર જિલ્લા ફેરપ્રાઈઝ શોપ ઓનર્સ એસોસિએશનની મીટીંગ ગાંધીનગર ખાતે મળી હતી.જેમાં સરકારના ધારાધોરણ અને ગાઈડ લાઈન મુજબ રેશન વિતરણની કામગીરી ઓનલાઈન સિસ્ટમ થકી વેપારીઓ ખૂબ જ મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે.જિલ્લા કેટલાક સમયથી ઊઋઙજ નું સર્વર શરૂઆતના દિવસોમાં ધ બે બે કલાક રાહ જોવી પડે છે.



આ ઉપરાંત આખરની અંદર પણ સર્વર બંધ હોવાના કારણે સરકારની ગાઈડલાઈન મુજબ જથ્થો પૂરેપૂરો વિતરણ કરી શકાતો નથી તે ઉપરાંત ગોડાઉનમાં પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાના કારણે અને દુકાને મોડો આવવાના કારણે વેપારીઓ ને મોટી તકલીફો સહન કરવાનો વારો આવે છે.

તો કેટલાક સંજોગોમાં અમુક કિસ્સાઓમાં નિવૃત્ત વ્યક્તિઓ ફક્ત કુપન કઢાવવા આવે છે અને ત્યારબાદ ઘરના અન્ય વ્યક્તિઓ વજન ઉચકી શકે તે રીતે જથ્થો લેવા આવતા હોય છે કારણ કે ગ્રામીણ વિસ્તારમાં દુકાનો ગામની વચ્ચે હોવાથી ઘણી વખત ખેતીવાડી સાથે સંકળાયેલા લોકો અંગૂઠો આપી સર્વર ચાલુ હોય ત્યારે પાછા ઘરે જતા રહેતા હોય છે અને પોતાના વારસને મોકલતા હોય છે.

જેથી આવી પરિસ્થિતિમાં ફિઝિકલ અને ઓનલાઈન જથ્થાની અંદર વિસંગતતા જોવા મળે છે આ પરિણામ જયારે અચાનક કોઈ તપાસણી થાય છે ત્યારે આવી તકલીફો ધ્યાન ઉપર લેવામાં આવતી નથી જેના કારણે દુકાનદારોની હાલત કફોડી થઈ જાય છે તે સિવાય ગોડાઉન માંથી પણ જથ્થો ઘટવાળો આવતી હોવાની પણ વ્યાપક બૂમો પડી રહી છે.આજની મિટિંગમાં જિલ્લા એસોસિએશનના પ્રમુખ ગોરધનભાઈ પટેલ સાથે કલોલ,માણસા, દહેગામ અને ગાંધીનગરના એસોસિએશનના તમામ તમામ હોદેદારો હાજર રહી આ બાબતની રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

# ગુજરાતમાં ગરમીમાં ઘટાડો, બેવડી ઋતુના કારણે લોકોની તબિયત લથડી

અમદાવાદ,તા.૧૮

પવનની દિશા બદલાતા ગુજરાતમાં હાલ તાપમાન ઘટ્યું છે. મોટાભાગના જિલ્લાઓના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. કમોસમી વરસાદ પડવાથી હવામાન બદલાઈ શકે છે. ખેતરમાં આંબાના મોર પણ ઊતરી શકે છે. ભીષણ ગરમીમાં માવઠાથી રાહત થશે પરંતુ ખેડૂતોના પાકને મોટું નુકસાન પણ થવાની સંભાવના છે. ગુજરાતમાં થોડા દિવસ પહેલા જ ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. પરંતુ બેવડી ઋતુના કારણે લોકોના સ્વાસ્થ્ય પર માઠી અસર પડી રહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં હવામાન વિભાગે યલો એલર્ટ જારી કર્યુ છે.



આઈએમડી મુજબ, આગામી ૨-૩ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં મહત્તમ તાપમાન ૩૯-૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ કારણે આ વિસ્તારોમાં ગરમીનું મોજું આવવાની શક્યતા છે. આના કારણે, ૧૫ માર્ચથી ૧૯ માર્ચ દરમિયાન દક્ષિણ ગુજરાતનાં પ્રદેશોમાં, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાય તેવી શક્યતા છે. જેના કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહી શકે છે. ૧૯ એપ્રિલ બાદ રાજ્યમાં ગરમીનો પારો ઊંચે જઈ શકે છે. ૧૦ મેની આસપાસ દરિયાકાંઠે ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. ભારે પવન સાથે ભારે વાવાઝોડાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. વધુમાં ૨૦ માર્ચથી ગરમીથી શેકાવા તૈયાર રહેવું પડશે.

સૌથી વધુ તાપમાન રાજકોટમાં ૩૭.૮ ડિગ્રી નોંધાયું છે, અમદાવાદમાં ૩૬.૭ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૬.૫ ડિગ્રી, ડીસામાં ૩૬.૭ ડિગ્રી, વડોદરામાં ૩૭.૪ ડિગ્રી, સુરતમાં ૩૬.૨ ડિગ્રી, ભુજમાં ૩૬.૧ ડિગ્રી, અમરેલીમાં ૩૭.૮ ડિગ્રી, પોરબંદરમાં ૩૫ ડિગ્રી, ભાવનગરમાં ૩૫.૭ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૭.૫ ડિગ્રી, મહુવામાં ૩૭.૨ ડિગ્રી, કેશોદમાં ૩૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# ગુજરાતમાં ફરી અનામતનું ભૂત ધુણ્યુ, ઓબીસી સમાજને ૫૪% અનામત આપવા માંગ કરાઇ

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં ફરી એક વખત અનામતનું ભૂત ધુણ્યુ છે.ઓબીસી નેતા નવઘણજી ઠાકોરના અનામત મુદ્દે આપેલા નિવેદન બાદ રાજકારણ ગરમાયું છે.નવઘણજીએ કહ્યું કે, તેલંગાણા સરકાર દ્વારા ૨૩% ઓબીસી અનામતને વધારીને ૪૨ ટકા કરવામાં આવ્યું છે તો ગુજરાતમાં પણ ઓબીસીની ૫૪ ટકા વસ્તી છે તો ગુજરાતમાં પણ ૫૪% ઓબીસી અનામત થવું જોઈએ. નવઘણજી ઠાકોરે કહ્યું કે, જો આવનારા સમયમાં અનામત આપવામાં નહીં આવે તો ભાજપ-કોંગ્રેસના ધારાસભ્યોને ગામમાં ઘુસવા દેવામાં નહીં આવે.

ઓબીસી સમાજના નેતા નવઘણજી ઠાકોરે કહ્યું કે, તેલંગાણામાં સરકારે ઓબીસી અનામત ૨૩ ટકા હતી તે વધારીને ૪૨ ટકા કરી છે. તેલંગાણાની પેટર્ન મુજબ ગુજરાતમાં ઓબીસી સમાજની ૫૪ ટકા વસ્તી છે તો ગુજરાતમાં પણ ઓબીસી સમાજને ૫૪ ટકા અનામત મળવું જોઈએ. અનામત વધારવી કે ઘટાડવી તે સંપૂર્ણ પાવર રાજ્ય સરકારનો છે. ગુજરાતના ઓબીસી સમાજના ચૂંટાયેલા ધારાસભ્યોને અપીલ કરૂ છું કે વિધાનસભાનું સત્ર ચાલુ છે ત્યારે વિધાનસભામાં બિલ લાવી ગુજરાતમાં ઓબીસી સમાજને ૫૪ ટકા અનામત આપવામાં આવે તેવી મારી માંગણી છે.આ સાથે જ ઓબીસી નેતાએ કહ્યું કે, 'સમગ્ર ગુજરાતના ઓબીસી સમાજના તમામ આગેવાનો, તમામ રાજકીય લીડરો, સરકારી કર્મચારીઓ સૌને અપીલ કરૂ છું કે અન્ય રાજ્યોની અંદર ઓબીસી સમાજને ખુબ લાભ મળે છે પણ ગુજરાતમાં ઓબીસી સમાજને અન્યાય થાય છે. ત્રણેય પાર્ટીઓની પરીક્ષા લેવાનો હવે સમય આવ્યો છે. જો ઓબીસી સમાજનું હિત ચાહતા હોય, ઓબીસી સમાજના વિકાસની ભાવના હોય તો વિધાનસભામાં ૫૪ ટકા ઓબીસી અનામતનું બિલ લાવી ગુજરાતમાં ઓબીસીને ૫૪ ટકા અનામત મળે તેવી માંગ કરો. '

ગુજરાતમાં અત્યારે ઓબીસી (અન્ય પછાત વર્ગ) સમાજને હાલમાં ૨૭% અનામત મળે છે. આ અનામત શિક્ષણ સંસ્થાઓ (જેમ કે મેડિકલ, એન્જિનિયરિંગ કોલેજો) અને સરકારી નોકરીઓમાં લાગુ છે.

કુલ અનામતનું માળખું: ગુજરાતમાં અનામતની ટકાવારી આ પ્રમાણે છેઃ અનુસૂચિત જાતિ ૭% અનુસૂચિત જનજાતિ : ૧૫% અન્ય પછાત વર્ગ : ૨૭% તેલંગાણામાં ઓબીસી સમાજને ૪૨ ટકા અનામત આપવાનો પ્રસ્તાવ તેલંગાણા વિધાનસભાએ ૧૭ માર્ચ, ૨૦૨૫ના રોજ એક બિલ પસાર કર્યું હતું જેમાં ઓબીસી માટે અનામતને ૨૩%થી વધારીને ૪૨% કરવાનો પ્રસ્તાવ છે. આ નિર્ણય મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની સરકારે લીધો છે જે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે કરેલા વચનનો ભાગ છે.આ બિલ મુજબ, શિક્ષણ, રોજગાર અને સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસીને ૪૨% અનામત મળશે.

# અસમાજીક તત્વોના આતંક બાદ અમદાવાદ પોલીસે ૨૫ થી વધુ ગેંગની યાદી તૈયાર કરી

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં અસમાજીક તત્વોના આતંક બાદ ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય એક્શનમાં આવ્યા હતા, આ ૪૮ કલાકમાં, અમદાવાદ પોલીસે ૨૫ થી વધુ ગેંગની યાદી તૈયાર કરી છે. સુરત શહેરમાં પોલીસે વિવિધ વિસ્તારોમાં અસામાજિક તત્વોની ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે. કેટલાક સ્થળો પર સર્ચ ઓપરેશન પણ હાથ ધરવામાં આવી રહ્યું છે.




સુરતનાં અમરોલી કોસાડ નિવાસસ્થાનમાં સફળ સર્ચ ઓપરેશન બાદ હવે ઉધના વિસ્તારમાં પણ આ ઓપરેશન વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે. ઉધના પોલીસ સ્ટેશન દ્વારા રાત્રે એક ઓચિંતું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૪૦ થી વધુ પોલીસકર્મીઓ સામેલ હતા. પોલીસે અસામાજિક તત્વોના ઘરો પર પણ ઓચિંતા દરોડા પાડી મોટી કાર્યવાહી પાર પાડી હતી. સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે અટકાયત કરાયેલા વ્યક્તિઓ અને ધરપકડ કરાયેલા લોકોની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી.

ડીજીપી વિકાસ સહાયે સ્પષ્ટ આદેશો આપ્યા છે કે રાજયમાં અસામાજિક તત્વો માટે કોઈ સ્થાન રહેશે નહીં. આ હેતુ માટે, સુરત પોલીસ સતત સક્રિય છે અને આગામી દિવસોમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રહેશે. જો કોઈ વ્યક્તિ કાયદાનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ડીજીપી વિકાસ સહાયના આદેશ બાદ, સુરત શહેર પોલીસે તે જ દિવસે અમરોલી-કોસાડ વિસ્તારમાં ખાસ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન ૧૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ સાંજે ૭ થી ૯ વાગ્યા સુધી ચાલ્યું હતું.

અમદાવાદ વસ્ત્રાલમાં આતંક મચાવનારા અસામાજીક તત્વોને પોલીસે જાહેરમાં માર માર્યો હતો, પહેલા ઘરો તોડી પાડવામાં આવ્યા હતા અને પછી તેમને રસ્તા પર લાવીને મેથીપાક ચખાડ્યો હતો. અમદાવાદની રામોલ પોલીસે આરોપીઓને જાહેરમાં માર માર્યો હતો અને ૭ આરોપીઓના ઘર તોડી પાડી તેમને બેઘર બનાવ્યા છે. રોડ પર સર્વિસ કરીને રામોલ પોલીસે કાયદાની તાકાત બતાવી હતી. આ ઘટનાના પડઘા સમગ્ર રાજ્યમાં પડ્યાં છે અને ગુજરાતના ડીજીપીએ કાર્યવાહી શરૂ કરી દીધી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

**વૃષભઃ** આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો. પોતાને સંભાળીને કામ કરો તો સારું રહેશે, તો સફળતા કાયમી રહેશે.

**મિથુનઃ** તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

**કર્કઃ** ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

**સિંહઃ** આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

**કન્યાઃ** આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

**તુલાઃ** આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.

**વૃશ્ચિકઃ** આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**ધનઃ** આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

**મકરઃ** આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**કુંભઃ** આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

## ફિલ્મી ગપશપ

### આમીરખાન ફરી એક વખત રિલેશનશિપમાં....

### છેલ્લા ૨૫ વર્ષથી 'ગૌરી'ને આમિરખાન ઓળખે છે : મને ખબર નથી કે ૬૦ વર્ષે લગ્ન યોગ્ય છે કે નહિં!!

**ગૌરી - આમિર છેલ્લા ૧૮ મહિનાથી સાથે રહે છે : ગૌરીને છ વર્ષનો પુત્ર છે : રીના - કિરણ બાદ આમિર હવે ગૌરી સાથે છે!!**



મુંબઈ :

થોડા સમય પહેલા સમાચાર આવ્યા હતા કે આમિર ખાન ફરી એકવાર કોઈની સાથે રિલેશનશિપમાં છે. હવે, તેના ૬૦માં જન્મદિવસના અવસર પર, આમિરે માત્ર મીડિયાને તેના લેડી લવનો પરિચય જ આપ્યો નથી, પરંતુ ઘણી બધી વાતો પણ કરી છે.આ દિવસોમાં આમિર ગૌરી સ્ટ્રેટ સાથે રિલેશનશિપમાં છે. ગૌરી પ્રોડક્શન ક્ષેત્રે કામ કરે છે અને આમિર તેને લગભગ ૨૫ વર્ષથી ઓળખે છે. મુંબઈમાં આયોજિત એક ઈવેન્ટમાં આમિર અને ગૌરીએ જણાવ્યું કે, બંને ૨૫ વર્ષ પહેલા મળ્યા હતા અને ત્યારબાદ તેમની વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો.પરંતુ થોડા સમય પહેલા તેઓ ફરી જોડાયા હતા. આમિરે કહ્યું કે તેઓ છેલ્લા ૧૮ મહિનાથી સાથે છે અને લાઈફ પાર્ટનર બની ગયા છે. આમિરે કહ્યું, 'હું અને ગૌરી ૨૫ વર્ષ પહેલા મળ્યા હતા અને હવે અમે સાથે છીએ. અમે એકબીજા પ્રત્યે ગંભીર છીએ અને પ્રતિબદ્ધ પણ છીએ, અમે દોઢ વર્ષથી સાથે છીએ.

આમિરે જણાવ્યું કે ગૌરી છ વર્ષના પુત્રની માતા છે. તેણે કહ્યું કે તે તેના પરિવારના સભ્યોને પણ મળી ચૂક્યો છું. અને તેમના પરિવારજનો તેમના સંબંધોથી ખુશ છે. તેની ૨૦૦૧ની હિટ લગાનનો ઉલ્લેખ કરતાં તેણે કહ્યું, 'ભુવનને આખરે તેની ગૌરી મળી ગઈ છે.' આ અવસર પર આમિરે એમ પણ કહ્યું કે તેણે ગૌરીનો પરિચય તેના જૂના મિત્રો શાહરૂખ ખાન અને સલમાન ખાન સાથે મુંબઈમાં તેના ઘરે કરાવ્યો છે. આમિરે એમ પણ કહ્યું કે તે દરરોજ ગૌરી માટે ગીત ગાય છે.જ્યારે આમિરને ગૌરી સાથે લગ્ન કરવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે મજાકમાં કહ્યું, 'મને ખબર નથી કે ૬૦ વર્ષની ઉંમરે લગ્ન મારા માટે યોગ્ય છે કે નહીં. મારા બાળકો આ સંબંધથી ખુશ છે.હું ખૂબ નસીબદાર છું કે મારી ભૂતપૂર્વ પત્નીઓ સાથે મારા આટલા સારા સંબંધો છે. તેણે આગળ કહ્યું, 'હું નસીબદાર છું કે હું હંમેશા મજબૂત સંબંધમાં રહ્યો છું. જેમ કે, રીના અને મેં ૧૬ વર્ષ સાથે વિતાવ્યા અને પછી કિરણ અને મેં ૧૬ વર્ષ સાથે વિતાવ્યા અને ઘણી રીતે અમે હજુ પણ સાથે છીએ. હું ઘણું શીખ્યો છું અને જીવનમાં ઘણુ બધું શીખવા મળ્યુ છે. હું ગૌરી સાથે આનંદની અનૂભૂતિ અનુભવું છું.

## સુનો... સુનો... સુનો... સંઘવી સાહેબનો સંઘ કાશીએ પહોંચશે?...

# અસામાજિક તત્વોના આતંક સામે ગૃહમંત્રાલય એક્શન મોડમાં આવ્યું, પણ સાહેબ.. આમને મોટા કર્યા કોણે?

## વિશેષ ડ્રાઈવના નામે બે દિવસ તાયફા, પછી આ જ તત્વો માટે લાલ જાજમ નહીં પથરો ને?

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

દ્રશ્યમ ફિલ્મ કદાચ સૌ કોઈએ જોઈ જ હશે. દ્રશ્યમનો અર્થ તે ફિલ્મમાં એ બતાવવામાં આવ્યો છે કે હીરો જે કંઈપણ બતાવવા ઈચ્છતો હોય તેનો જાજરમાન પડદો તમારી આંખો સમક્ષ ઉભો કરી દે અને તમે જાણતા હોવ કે તમે ઉલ્લુ બની રહ્યા છો તેમ છતાં તમારે સામેવાળા વ્યક્તિની વાતને માનવી પડે. બસ આવું જ કંઈક રાજ્યના ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. હાલમાં અસામાજિક તત્વોએ અમદાવાદમાં જાહેરમાં નાગરિકોને માર માર્યા અને ત્યારબાદ રાજ્યના ગૃહમંત્રી તરત એકશનમાં આવી ગયા. સાહેબે તાત્કાલિક અસામાજિક તત્વોનું લિસ્ટ બનાવવાના આદેશ કર્યા અને પોલીસ વિભાગ કામે લાગી ગયું. અમદાવાદ. સુરત, રાજકોટ, વડોદરા સહિતના મહાનગર અને જિલ્લામાંથી લિસ્ટ મંગાવવામાં આવ્યું. બે ચાર લોકોને જાહેરમાં ફટકારતા વિડીયો વાયરલ કરાયા.. અને લોકોને બતાવાયું કે આપણે બધા સાહેબના રાજમાં સલામત છે. અરે... સાહેબ આ લોકોને મોટા કર્યા કોણે? એનો જવાબ તો આપો? શોધવા જશો તો દૂર દૂર ક્યાંક આપનો જ સફેદ ઝભ્ભો ખરડાયેલો ન દેખાય તે જોજો... સંઘવી સાહેબ આપનો ડાયલોગ બધાને કંઠસ્થ થઈ ગયો છે કે, .. કોઈ પણ ચમરબંધીને નહીં છોડાય... પણ સાહેબ ચમરબંધી પકડાય છે ક્યાં? પહેલા પકડો તો ખરા...

વાત જરા એમ છે કે, આજે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સમીક્ષા કરી હતી. આ બેઠકમાં **IG,CP,SP** હાજર રહ્યા હતા. અગાઉ અમદાવાદ શહેરના વસ્ત્રાલમાં હોળીની રાત્રે ગુંડાઓએ બેફામ બની નાગરિકોને માર માર્યા બાદ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય એકશનમાં આવ્યા હતા. તેમણે ૧૫ માર્ચ, ૨૦૨૫ના રોજ બપોરે ૩ વાગ્યે અસામાજિક તત્ત્વો સામે કડક પગલાં લેવા માટે સ્પષ્ટ સૂચના આપી અને પોલીસ એક્શન આવી ગઈ. ઠેર ઠેર અસામાજિક તત્વોને પકડવામાં આવ્યા અને તેમની સારી એવી સર્વિસ કરવામાં આવી... આ અમે નહીં પણ ગૃહમંત્રાલય (સોરી.. સોરી... વાયરલ વિડીયો) દ્વારા જારી કરવામાં આવેલા દ્રશ્યો કહી રહ્યા છે. હવે



આંકડા પર નજર કરીએ... રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે આ આદેશ કર્યાના બાદ ૧૭ માર્ચ, ૨૦૨૫ના રોજ ૪૮ કલાકમાં અમદાવાદ પોલીસે ૨૫થી વધુ ગેંગ અને ૧૩૦૦ ગુનેગારોનું લિસ્ટ તૈયાર કરી લીધું છે.

જ્યારે સુરત શહેરમાં કાર્યરત ૯ મોટી ગેંગના ''ડેન્જર પર્સન''ની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. શહેરમાં ૯ ગેંગ એક્ટિવ છે, જે વચ્ચે ક્યારેક હત્યા તો ક્યારેક ગેંગવોરની ઘટનાઓ બનતી રહી છે. પોલીસે ઠેર ઠેર કોમ્બિંગ કર્યું, લોકોને પકડ્યા, વગેરે વગેરે વગેરે... સાહેબ અમદાવાદ જેવા શહેરમાં ૧૩૦૦ ગુનેગારો... ઓછા નથી લાગતા? અને સાહેબ ગુજરાતમાં તો ૩૦ વર્ષથી આપની જ સરકાર છે... આપ જાતે જ બે ટર્મથી ગૃહમંત્રી છો. તો આ લોકો મોટા થયા કેવી રીતે? આપના પોલીસ વિભાગે તો મોટા નથી કર્યા ને?

પોલીસનો ડર કાયમ રહેવો જોઈએ, માત્ર સીઝનલ નહીં. કોઈ ઘટના બન્યા બાદ એકશન લેવા અને તેમાં થોડા દિવસો સુધી કાર્યવાહી બતાવી લોકોને સાંત્વના આપવી કે ભાઈ બધું સલામત છે. હવે આરામથી રહેજો એને કાયદો અને વ્યવસ્થા જાળવેલી ન કહેવાય.. એને લીપાપોતી કરેલી કહેવાય. સાહેબ આપ જો લોકોની સલામતી ખરેખર ઈચ્છતા હોવ તો જે યાદી બની છે ને તે તમામને મોકલો ગુજસીકોટમાં .. અને હા એ જોઈ લેજો આમાંથી તમારા પક્ષના કોઈ સભ્ય તો નથી ને.... પછી મોકલજો... પણ મોકલજો ખરા.......

### ગુનેગારોનું લિસ્ટ તૈયાર : હવે આરોપીઓના વળતાં દિવસ

## ગેરકાયદેસર મિલકત પર બુલડોઝર ફરશે, બેનામી સંપત્તિઓ ફ્રિઝ થશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

રાજકોટ સહિત રાજ્યભરમાં વધતી ગુણખોરીના પગલે અવારનવાર કાયદો અને વ્યવસ્થા સામે પ્રશ્ન ઉભા થયાં છે. ત્યારે રાજ્યભરના અસામાજિક તત્વોનું લિસ્ટ બનાવીને કાર્યવાહી કરવા રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. જે બાદ શહેર પોલીસ દ્વારા પણ ખૂંખાર આરોપીઓના લિસ્ટ બનાવવા ધમધમાટ આદર્યો હતો.



પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના દરેક પોલીસ મથકના સ્ટાફને જે તે વિસ્તારના ખૂંખાર અને હિસ્ટ્રીસીટરોના ગુના સહિતની યાદી ૧૦૦ કલાકમાં તૈયાર કરવાંનો આદેશ કરવામાં આવ્યો હતો. જે તમામ પોલીસ મથકો દ્વારા લગભગ આરોપીઓની યાદી તૈયાર કરી નાંખવામાં આવી છે. જે હવે નજીકના સમયમાં જ જાહેર પણ કરવામાં આવી શકે છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં આચરેલ એકથી વધું ગુનાના આધારે લિસ્ટ બનાવવામાં આવી રહ્યું છે. જેમાં હત્યા, હત્યાના પ્રયાસ, મહાવ્યથા સહિતના ગુનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે આરોપીના નામ યાદીમાં હશે તેમની મિલકતની તપાસ કરવામાં આવશે.

જે બાદ જે મિલકત ગેરકાયદેસર હશે તે માટે આરએમસી સહિતના વિભાગોમાં તપાસ કરી ગેરકાયદેસર મિલકત પર બુલડોઝર ફેરવવામાં આવશે. તેમજ સાથે સાથે બેંક વિગત પણ તપાસમાં આવશે. જેમાં અપ્રમાણસર બેંક મૂળી પણ ફ્રિજ કરવામાં આવશે.

ઉપરાંત કુખ્યાત શખ્સો વિરુદ્ધ ગુજસીટોક, સંગઠિત ગુના, પાસા સહિતની કલમ હેઠળ કાર્યવાહી કરી જેલ ભેગા પણ કરવામાં આવશે. તેમજ કોઈ આરોપી જામીન પર હશે અને તેના વિરૂદ્ધ વધું પડતાં ગુના હશે તો તેમાં જામીન પણ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

---

## ત્યાગ વિના કંઈ પણ પ્રાપ્ત કરવું શક્ય નથી, કારણ કે શ્વાસ લેવા માટે પણ શ્વાસ છોડવો પડે છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે ઓગણીસમી માર્ચ છે ગઈકાલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પુરી થઈ હવે પરિણામની ઈન્તજાર છે.. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ન જાનામિ દાનમ્ ન ચ ધ્યાનમ્ ન જાનામિ તંત્રમ્ ન ચ સ્તોત્ર મંત્રમ્ ન જાનામિ પૂજામ્ ન ચ ન્યાસયોગમ્ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !!

ભગવાનને કહેવાનું કે પ્રભુ,હું નથી મંત્ર જાણતો,નથી ક્રિયા જાણતો અને નથી ભક્તિ જાણતો હું તો મંત્રરહિત,ક્રિયા રહિત,ભક્તિરહિત છું.મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને ચારા કર્મને પરિપૂર્ણ માનજો. સત્કર્મ કર્યાપછી દૈન્ય ન આવે તો તે સત્કર્મ ફળતું નથી. કર્મ બાધક થતું નથી, પણ મેં કર્યું છે એવો અહંકાર કર્મમાં બાધક છે. હૃદયથી નમશો તો ભગવાનને ગમશો.દૈત્યનો પ્રભાવ તો જુઓ! બલિમાં દૈત્ય આવ્યું એટલે સેવ્ય હતા તે સેવક બન્યા.ભગવાન એને ત્યાં દ્વારે દ્વારે પહેરો ભરવા તૈયાર થયા.જેની એકએક ઈન્દ્રિય પર પ્રભુનો પહેરો રહે એને પછી કઈ વાતની ચિંતા? એને પછી દુઃખ શું? ભય શું?

એક વખત રાવણ ફરતો ફરતો પાતાળમાં બલિ સામે લડવા આવ્યો તેણે વામનને દ્વારે પહેરો ભરતા જોયા. રાવણે કહ્યું,મારે બલિ સાથે યુદ્ધ કરવું છે. વામનજીએ કહ્યું, હું તો સેવક છું. પહેલાં મારી સાથે લડ! પછી મારા માલિક સાથે!રાવણ એટલે કામનું પ્રતીક. પ્રભુ સાથે લડવાનું એનું શું ગજું? લડવા ગયો ત્યાં વામન ભગવાને રાવણની છાતી ઉપર લાત મારી ને સમુદ્રકિનારે જઈ પડયો.રાવણ એ કામ છે. તમારા ઈન્દ્રિય દ્વારે ભગવાન પહેરો ભરે, તો તેમાં કામ પ્રવેશ કરી શકે નહીં. બલિરાજાને ત્યાં વામન ભગવાન દાન લેવા ગયા, અને દાન લઈ તેને ઘરે પહેરો ભરવો પડયો! જેદાન લે તે બંધનમાં પડે છે.દાન લેનાર ની પણ મોટી જવાબદારી છે. મહાલક્ષ્મી ઘરમાં એકલા છે. તેમને નારાયણ વગર ચેન પડતું નથી. ક્યારે આવશે?ક્યાં હશે? અકળાઈને નારદજીને પૂછ્યું

સાભળી લક્ષ્મીજી દોડતાં સૂતળ પાતાળમાં આવ્યાં.ઘરમાં ઠાકોર જીને પધરાવશો તો લક્ષ્મીજી પાછળ પાછળ વગર આમંત્રણે આવશે. લક્ષ્મીજીએ બ્રાહ્મણ પત્નીનો વેશ લીધો. લક્ષ્મીજીએ બલિરાજાને કહ્યું કે,હું તારી ધર્મ ની ભગીની.તું મારો ધર્મનો ભાઈ. બિલને આનંદ થયો. બલિરાજાને પ્રણામ કર્યા.કહે કે, ક્યારનું મનમાં મને એક દુઃખ હતું કે,જગતમાં મારે કોઈ બહેન નથી. સારું થયું મને બહેન મળી! પણ માતાજીનો જીવ વલોવાઈ જાય છે. દ્વારિકાનાથ હાથમાં લાકડી લઈ સિપાઈ જેમ પહેરો ભરે છે!

શ્રાવણ મહિનો આવ્યો.લક્ષ્મીજી એ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મીજીએ રાખી બાંધી બલિરાજા પ્રણામ કરે છે નેવિચાર કરે છે કે, મારે બહેનને હવે કંઈક આપવું જોઈએ બલિરાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો.શ્રાવણ મહિનો આવ્યો. લક્ષ્મીજીએ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મી જીએ રાખી બાંધી.બલિરાજા પ્રણામ કરે છે અને વિચાર કરે છે કે, મારે બહેનને હવે કંઈક આપવું જોઈએ બલિરાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો. લક્ષ્મીજીએ કહ્યું, મારા ઘરમાં બધું છે, પણ એક નથી. આ તારે ત્યાં જે પહેરો ભરે છે તે જોઈએ. તેને તું મુક્ત કર! બલિરાજા પૂછે છે, તે તમારા શું સગા થાય? લક્ષ્મીજીએ જવાબ આપ્યો.એ મારા નારાયણ છે. ત્યાં નારાયણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા છે.

માતા મહાલક્ષ્મી નારાયણ સાથે વૈકુંઠ ધામમાં શ્રાવણ સુદ પૂનમનાં રોજ પધાર્યા તેથી રામાનુજાચાર્ય પંથના મંદિરોમાં તે દિવસે પાટોત્સવ કરવાનો રિવાજ છે.

આ રીતે લક્ષ્મીજી દાન લઈને બંધનમાં પડેલા પ્રભુને છોડાવે છે. દાન સ્વીકારીને પ્રભુ ઋણમાં આવી ગયા અને દ્વારપાળ બનવું પડયું, તો સામાન્ય માનવીનું દાન લેવાથી શું થતું હશે તેનો વિચાર કરો.દાન લેવું એ ઘણી મોટી જવાબદારી છે. જવાબદારીની પાત્રતા હોય તે દાન લઈ શકે. વામનચરિત્રની આ કથા પરમ પવિત્ર છે. પિતૃ તિથિના દિવસે આ વામન ચરિત્રનો પાઠ કરવામાં આવે તો પિતૃઓને સદગતિ મળે છે હવે શરણાગતિની કથા શરૂ થાય છે.

સત્યવ્રત મનુ મહારાજ કૃતમાલા નદીને કિનારે તપશ્ચર્યા કરતા હતા ત્રિવેન્દ્રમથી દૂર આ નદી છે.અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરી. એકવાર નદીમાં ઊભા રહી તેઓ જળ તર્પણ કરતા હતા.જળ તર્પણ કરતાં એક વખત મનુ મહારાજના હાથમાં માછલું આવ્યું તેને તેમણે છોડી દીધું.ત્યારે માછલાએ કહ્યું, હું તમારા હાથમાં આવ્યું, એટલે તમારા શરણે આવ્યું કહેવાઉ. હવે તમે મને છોડી દેશો તો મોટા માછલાં મને મારી નાંખશે. માટે મારું રક્ષણ કરો. મહારાજે તેને કમંડળમાં રાખ્યું.એમ કરતાં માછલું મોટું થયું. માછલું કહે કે,મને વિશાળ જગ્યામાં રાખો મોટી જગ્યામાં રાખ્યું તો ત્યાં વિશાળ સ્વરૂપ ધારણ કર્યું.સત્ય વ્રતને આશ્ચર્ય થયું કે, નક્કી આ માછલું સાધારણ નથી, કોઈ ચમત્કારિક લાગે છે.

માછલુંએ વૃત્તિ છે. વૃત્તિ નાનેથી મોટી થાય છે, છતાં તે બ્રહ્માકાર ન થાય ત્યાં સુધી શાંતિ નથી જીવ ભલે દુઃખી થાય,ઈશ્વરને દુઃખ થતું નથી. ઈશ્વર તો સાક્ષી છે,દ્રષ્ટા છે, કર્તા નથીને ભોક્તા પણ નથી. ઈશ્વર પ્રકાશ છે. દીવાના પ્રકાશે કોઈ ભાગવતનો પાઠ કરે કે કોઈ ચોરી કરે,પણ દીવાને તેના પ્રત્યે ભાવ કે કુભાવ નથી.દીવાનો એક જ ધર્મ છે.સર્વને પ્રકાશઆપવાનો પ્રકાશને કોઈની સાથે સંબંધ નથી. તેવી રીતે પરમાત્મા સર્વના હૃદય માં રહી દીવાની જેમ પ્રકાશ આપે છે.જીવ પાપપુણ્ય કરે તેની અસર સાક્ષી પરમાત્માને થતી નથી. ઈશ્વર ન કહેવાયનિષ્ઠુર અને ન કહેવાય દયાળુ.તે બધા ગુણધર્મ થી પર છે.ઈશ્વરમાં કોઈ ધર્મ નથી ઈશ્વર આનંદરૂપ છે,સર્વ વ્યાપક છે.પરમાત્મા બુદ્ધિથી પર છે.બુદ્ધિ માં પ્રકાશ ઈશ્વર આપે છે ઈશ્વરને પ્રકાશ આપનાર કોઈનથી ઈશ્વર સ્વયં પ્રકાશ છે.ઈશ્વર સિવાય સર્વ પર પ્રકાશિત છે.જ્ઞાની પુરુષો તે સ્વરૂપનો અનુભવ કરતાં બ્રહ્મા કાર વૃત્તિ ધારણ કરે છે વૃત્તિ જયારે શ્રીકૃષ્ણાકાર, બ્રહ્માકાર બને ત્યારે જ શાંતિ મળે છે. ઈશ્વર વિના બધું અલ્પ છે, તેથી કોઈ પણ વૃત્તિમાં મનોવૃત્તિ શાંત થતી નથી. લાકડાંમાં અગ્નિ છેપણ તે અગ્નિનો ઉપયોગ સ્વતંત્રપણે થઈ શકતો નથી. લાકડાંમાં રહેલા અગ્નિ ઉપર બહારનો લૌકિકઅગ્નિ મૂકો ત્યારે ભડકો થશે.સ્વયંપ્રકાશ પરમાત્મા સર્વના હૃદયમાં રહી માત્ર પ્રકાશ જ આપે છે, બીજું કાંઈ કરતા નથી.મનને માછલાંની ઉપમા આપવામાંઆવે છે. મત્સ્યનારાયણે કહ્યું,રાજા, તારું કલ્યાણ કરવા જ આવ્યો છું. આજથી સાત દિવસ પછી પ્રલય થવાનો છે.પ્રલયમાં સર્વનો નાશ થશે પણ હું તારું રક્ષણ કરીશ. મારા ભીંગડામાં તારી નાવડીબાંધી દેજે!સત્યવ્રતે મત્સ્યનારાયણનું શરણું લીધું કે હું આપને શરણે આવ્યો છું. આપ મને ઉગારો! મત્સ્યનારાયણ એ ગુરુ સ્વરૂપ છે. તેઓ સત્યવ્રતને પ્રલયમાંથી ઉગારે છે.

આમ, આઠમા સ્કંધમાં સંતોના ચાર ધર્મ બતાવ્યા આપત્તિમાં ભગવાનનું સ્મરણ જેમ ગજેન્દ્ર કર્યું તેમ કરવું સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું જેમ બલિરાજાએ કર્યું તેથી વાસનાનો ક્ષય થાય છે વિપત્તિમાં પણ વજન ભંગ ન કરવો વચન ગમે તે ભોગે પાડવું જેમ બલિરાજાએ પાડ્યું સર્વ અવસ્થામાં ભગવાનનું શરણું જેમ સત્ય વ્રત મત્સ્ય નારાયણને શરણે થાય જાય છે તેમ સંતોના ચાર ધર્મો જો માનવી જીવનમાં ઉતારે તો વાસના ઉપાસના બને છે.અને છેલ્લે ભવાની અષ્ટકમ જોઈએ ન તાતો ન માતા ન બંધુર્રન દાતા ન પુત્રો ન પુત્રી ન ભૃત્યો ન ભર્તા ન જાયા ન વિદ્યા હ વૃત્તિર્મામૈવ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !!

ન જાનામિ દાનમ્ ન ચ ધ્યાનમ્

ન જાનામિ તંત્રમ્ ન ચ સ્તોત્ર મંત્રમ્ ,ન જાનામિ પૂજામ્ ન ચ ન્યાસયોગમ્ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !!અસ્તુ..

## ભાજપના નેતા સામે લેટર બોમ્બ : મહામંત્રીના કરતૂતો અંગેનો પત્ર વાયરલ થતા આગેવાન સામે પગલાં ભરવાની માગ

# ભાજપના મહામંત્રીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પૈસા લઈ ટિકિટો આપી હોવાના સણસણતો આક્ષેપ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ભાજપ માટે હાલમાં એવી સ્થિતિ છે કે પક્ષમાં જ વિભીષણોની ભરમાળ જોવા મળે છે. ભાજપને વિપક્ષની જરૂર નથી કારણ કે પક્ષમાં જ કેટલા વિરોધીઓ બેઠા છે કે તેઓ સક્ષમ વિપક્ષની ભૂમિકા ભજવવા માટે સક્રિય હોય છે. ઉપલેટામાં હાલમાં એક લેટર વાયરલ થયો છે જેમાં ભાજપના મહામંત્રીની કરતુતો નો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ લેટરમાં આક્ષેપ કરવામાં આવ્યા છે કે તાજેતરમાં જ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મહામંત્રી દ્વારા પૈસાનો વ્યવહાર કરીને ટિકિટો ફાળવવામાં આવી હતી. પત્રમાં એમ પણ જણાવાયું છે કે આ આગેવાન સામે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ પગલાં ભરવામાં આવે.



પત્રમાં જણાવ્યા અનુસાર ઉપલેટા નગરપાલીકાની તાજેતરમાં યોજાયેલ સામાન્ય ચુંટણીમા કેટલાંક ભા.જ.પ. પક્ષના જવાબદાર હોદેદારોએ ભજવેલ પક્ષ વિરોધી વરવી ભૂમિકાની નોંધ લેવી અતિ આવશ્યક છે. જેમ કે જિલ્લા ભા.જ.પ. ના મહામંત્રી રવિભાઈ માકડીયા એ નગર પાલીકાના ઉમેદવારો પાસેથી મોટી તગડી રકમ લઈને ટીકીટો આપેલ છે. પોતે જીલ્લા ભા.જ.પ. ના મહામંત્રી હોય ઉપલેટા પક્ષના સંગઠનના હોદ્દેદારો ઉપર પણ જોહુકમી ચલાવે છે. સીનીયર આગેવાનો નો પણ અવગણના થાય અને અપમાન થાય તેવી આ ચુંટણીમા વર્તણુક કરેલ છે. આ વ્યકતીને ભા.જ.પ. પક્ષ સાથે કે ભા.જ.પ. ની વિચારધારા સાથે કોઈ લેવા દેવા નથી. પરંતુ કેટલાક આગેવાનો ની ખુશામતખોરીથી જીલ્લા ભા.જ.પ.નો આવો મહત્વનો હોદો મેળવેલ છે. ભૂતકાળમાં ક્યારેય પક્ષમાં જોડાયા નથી. તેમજ આ વ્યક્તિનો ભૂતકાળ જોવામા આવે તો ઉપલેટા પોલીસ સ્ટેશન સામે સાવન પાનના નામે પાનબીડીનો ગલ્લો ચલાવતો હતો તેમજ પોલીસ સ્ટેશન સાથે સાંઠગાંઠ ધરાવતો હતો અને લોકો પાસેથી તોડ કરી પોલીસને પણ પૈસા અપાવવાની દલાલી કરતો હતો. ટુંકમાં આ વ્યક્તિ માત્ર પોલીસ કેસોમાં લોકો પાસેથી પૈસા લઈ પોલીસને કમાણી કરાવી આપતો હતો. તેમજ દારૂ વેચાણ કરવા વાળાઓને પોલીસ સાથે સેટીંગ કરી અને હપ્તાઓ બંધાવી આપતો હતો. અને હપ્તાઓ ઉઘરાવતો, જેના પરિણામે આ વ્યક્તિ આજે કરોડો રૂપિયાનો આસામી બનેલ છે આ બધી હકીકત ઉપલેટાની તમામ જનતા સારી રીતે જાણે છે. તેમજ આ વ્યક્તિએ ઉપલેટા ના પ્રતિષ્ઠિત હિન્દુ ડોકટરના પુત્રવધુ ને ખુબજ પૈસાપાત્ર એક વિધર્મી નબીરાની સાથે ભગાડવામાં ખુલ્લી મદદ કરેલ છે. અને આ જ વિધર્મી ઉપલેટા નગર પાલીકા વોર્ડ નં. ૯ મા ભાજપના ઉમેદવારોના ચાર કોરા મેન્ડેન્ટો આપી દીધેલ હતા. જેને આધારે આ વિધર્મી પણ અન્ય વિધર્મીઓ સાથે ભા.જ.પ.ના સીમ્બોલ હેઠળ તાજેતરની ચુંટણી લડેલ છે. તેમજ આ વ્યકતી ઉપલેટા - ધોરાજી વિસ્તારમાં તમામ ખનીજ માફીયાઓ સાથે જોડાયેલ છે. અને ભાગીદારી ધરાવે છે. ભા.જ.પ.પક્ષના મહામંત્રીના પદનો આર્થિક લાભ ઉઠાવવા ભરપુર દુરુપયોગ કરે છે. જેના કારણે પક્ષને નુકશાની થાય છે. આ વ્યક્તિએ ડુબીયાલી તાલુકા પંચાયતની યોજાયેલ પેટા ચુંટણીમા ભાજપના સત્તાવાર ઉમેદવાર વિરુદ્ધ કામ કરેલ છે. અને કોંગ્રેસના મુસ્લીમ ઉમેદવારને જીતાડવામા પુરેપુરી મદદ કરેલ છે. આ મુસ્લીમ મતદારને જીતાડવા માટેનુ એક માત્ર કારણ એ છે કે, ડુમીયાલી સીટમા આવતા ત્રણેય ગામો ભાદર નદીના કાઠે આવેલા છે. અને ત્યાં આ વ્યક્તિની રેતીની લીઝ આવેલ હોય, જેથી તેને ખુશ રાખવા મદદ કરેલ છે. એ રીતે આ જીલ્લા ભા.જ.પ. મહામંત્રી રવિ માકડીયાએ સત્તાનો દુર ઉપયોગ કરેલ છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરેલ છે. જેનો ભુતકાળ અસામાજીક પ્રવૃતિથી ખરડાયેલો ૧૦ જેથી જેની સામે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ પગલા લેવા અમારી માંગણી છે.....

## સંક્ષિપ્ત સમાચાર

### કાવેરી ઇન્ટરનેશનલ સ્કુલ દ્વારા કારકિર્દી અને આત્મવિશ્વાસ વધે માટે શૈક્ષણિક પ્રવાસનાં આયોજન ગોઠવાયા



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

સપનાનું વાવેતર અંતર્ગત આજનો વિદ્યાર્થી આવતીકાલ નો સફળ ડોક્ટર,કલેકટર,ઉદ્યોગપતિ,બિલ્ડર,એન્જીનીયર કે એન્ત્રેપેન્યોર બની ઉચ્ચ કારકિર્દી નું નિર્માણ કરે અને આત્મવિશ્વાસથી બુલંદ બને એ હેતુ તાજેતરમાં કાવેરી ઈન્ટરનેશનલ સ્કુલ ઈંગ્લીશ મીડીયમ અને ગુજરાતી મીડીયમનાં ધોરણ ૮ અને ૯ નાં ૨૩૨ વિદ્યાર્થીઓ ને મૈત્રી આંખની હોસ્પિટલની સંપૂર્ણ મુલાકાત સાથે શિવાલિક વેલેન્ઝા અને આલાપ એક્યમ બિલ્ડરની સાઈટ વિઝીટ, ધોરણ ૫ નાં વિદ્યાર્થીઓને પોસ્ટ ઓફિસ અને બેંકની સંપૂર્ણ વિઝીટ અને ધોરણ ૫ થી ૭ નાં ૬૦૦ વિદ્યાર્થીઓને દૂધસાગર ડેરી ની મુલાકાત કરાવવામાં આવી હતી.

તથા ધોરણ ૭ થી ૧૦ નાં ૧૫૮ વિદ્યાર્થીઓ નો સૌરાષ્ટ્ર પ્રવાસ, ધોરણ ૪ થી ૬ નાં ૪૩૭ વિદ્યાર્થીઓનો નડાબેટ પ્રવાસ, ધોરણ ૧ થી ૩ નાં ૨૬૨ વિદ્યાર્થીઓ નો મીની પોઈચા પ્રવાસ અને દ્વર નાં ૨૬૫ વિદ્યાર્થીઓ નો તિરૂપતિ નેચરલ પાર્ક પ્રવાસ નું આયોજન ગોઠવાયું હતું.

## પાલનપુરના સદરપુર ગામમાં ખેત મજૂરની હત્યાનો ભેદ ઉકેલાયો

# કચરો નાખવાના વિવાદમાં પાડોશીએ ૪૦ હજારમાં બે શખ્સોને સોપારી આપી હતી, પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

પાલનપુરના સદરપુર ગામમાં થોડા દિવસ અગાઉ થયેલી ખેતમજૂર ફુલાભાઈ ખરાડીની હત્યાનો ભેદ પોલીસે ઉકેલ્યો છે. પોલીસે આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે બે આરોપીઓ હજુ ફરાર છે. કેસની વિગતો મુજબ, ફુલાભાઈ ખરાડી સદરપુર ગામમાં ભાગિયા તરીકે ખેતમજૂરી કરતા હતા. તેમની અને પાડોશી ગણેશભાઈ ગામી વચ્ચે કચરો નાખવાની બાબતે વારંવાર તકરાર થતી હતી. આ તકરારથી કંટાળીને ગણેશભાઈએ ફુલાભાઈની હત્યા કરવા માટે ૪૦ હજારમાં બે શખ્સોને સોપારી આપી હતી.




સોપારી લેનારા આરોપીઓએ ૧૧/૦૩/૨૦૨૫ના રોજ ફુલાભાઈ પર ઘાતક હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન ફુલાભાઈનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ પત્નીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. પાલનપુર તાલુકા પોલીસ, એલસીબી અને એસઓજી સહિતની ૧૦ ટીમોએ તપાસ હાથ ધરી હતી. પોલીસે ૧૫૦થી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસ્યા અને ૨૧૫ વાહનોની તપાસ કરી હતી. આ તપાસના આધારે પોલીસે ગણેશ ગામી (સોપારી આપનાર મુખ્ય આરોપી), શંકર ડુગાચીયા અને ચકુરા ભગોરાની ધરપકડ કરી છે. બાકીના બે આરોપીઓ સંજુ ભગોરા અને દિનેશ ભગોરાની શોધખોળ ચાલુ છે.

## અસામાજિક તત્વો અને પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવા માટે પોલીસે વિશેષ અભિયાન શરૂ કર્યું છે

# બનાસકાંઠા પોલીસની અસામાજિક તત્વો સામે સ્પેશિયલ ડ્રાઇવ, ૨૨૧ શખ્સોની યાદી તૈયાર

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

બનાસકાંઠા જિલ્લામાં અસામાજિક તત્વો અને પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવા માટે પોલીસે વિશેષ અભિયાન શરૂ કર્યું છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ૧૭ માર્ચે યોજાયેલી બેઠક બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસે ૨૨૧ અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી છે. ગેરકાયદે કબજા અને અન્ય ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકો સામે બુલડોઝર એક્શન લેવામાં આવશે.



રાજસ્થાન-ગુજરાત સરહદ પર આવેલી સંવેદનશીલ અમીરગઢ બોર્ડર પર વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

જિલ્લા પોલીસ વડા, એએસપી, ડીવાયએસપી, એલસીબી અને એસઓજીની ટીમો દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. બોર્ડર પર નશીલા પદાર્થો, હથિયારો અને માદક દ્રવ્યોની હેરાફેરી અટકાવવા માટે ડોગ સ્કવોડ અને બ્રેથ એનેલાઈઝરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્દેશ બાદ DGP વિકાસ સહાયે કડક પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

### વદરાડ ખાતે વિવિધ દેશના ૧૭ મેમ્બર્સે NDCના રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક અભ્યાસક્રમ અંતર્ગત મુલાકાત લીધી



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં શાકભાજી ઉત્કૃષ્ઠતા કેન્દ્ર,વદરાડ ખાતે દ્રઢ્ઢઝના રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક અભ્યાસક્રમ અંતર્ગત વિવિધ દેશના ૧૭ મેમ્બર્સેની ટીમે મુલાકાત લીધી હતી. ભારતીય સેનાના મેજર જનરલશ્રી અજયકુમાર સિંઘના નેતૃત્વમાં નવી દિલ્હી સ્થિત નેશનલ ડિફેન્સ કોલેજ **(NDC)** તેમજ ઈન્ડીયન રેવન્યુ સર્વિસીઝ, આર્મી, નેવી અને એરફોર્સના અધિકારીઓ ઉપરાંત ઈરાન, બાંગલાદેશ, તાનઝાનીયા, ઉઝબેકિસ્તા, જાપાન અને ઓમાનના વરિષ્ઠ લશ્કરી અધિકારીઓની ૧૭ મેમ્બર્સની ટીમે શાકભાજી ઉત્કૃષ્ઠતા કેન્દ્ર,વદરાડ ખાતે મુલાકાત લીધી હતી.જેમાં બાગાયત નિયામકશ્રી એફ કે મોઢ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સેન્ટરની સ્થાપનાથી આજ દિન સુધીની ખૂબ ઝીણવટ ભરી માહિતી આપી હતી. નાયબ બાગાયત નિયામકશ્રી ડી એમ પટેલે સેન્ટર ખાતે કરવામાં આવતી રક્ષિત ખેતીની માહિતી આપી હતી. આ પ્રોગ્રામનું સફળ સંચાલન ગુજરાત હોર્ટિકલ્ચર નોલેજ સોસાયટીના નાયબ બાગાયત નિયામકશ્રી પી કે કેવડિયા દ્વારા કરવામાં આવ્યું હતુ.

## ૩૧ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

### ધાનેરા પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાતના કેસના ફરાર આરોપીને અમરેલી પેરોલ ફર્લો સ્કોડે ઉઠાવ્યો



(ગરવી તાકાત) અમરેલી તા.૧૮

અમરેલી જિલ્લાના પેરોલ ફર્લો સ્કોડને મોટી સફળતા મળી છે. એસપી સંજય ખરાતની સૂચના મુજબ નાસતા-ફરતા આરોપીઓને પકડવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન ચલાલા વિસ્તારમાં પેટ્રોલિંગ વખતે ટીમને મહત્વપૂર્ણ માહિતી મળી હતી.

પોલીસે દિલવાર નાનજીભાઈ લલીયા (બલીયા)ની ધરપકડ કરી છે. તે ઝર ગામનો રહેવાસી છે. આરોપી છેલ્લા ૩૧ વર્ષથી બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાતના કેસમાં ફરાર હતો. પોલીસ તેની શોધખોળ કરી રહી હતી, પરંતુ તે ધરપકડથી બચવા સતત સ્થળ બદલતો રહ્યો હતો.

પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ એન.જી. સાપર, પોલીસ સ્ટાફ જે.જી. ઝાલા અને સત્તારશા શેખ સહિતની ટીમે આ સફળતા મેળવી છે. જિલ્લામાં સૌથી લાંબા સમયથી ફરાર આ આરોપીને પકડીને ધાનેરા પોલીસને સોંપવામાં આવ્યો છે. હવે ધાનેરા પોલીસ આરોપી સામે આગળની તપાસ હાથ ધરશે.

## હિંમતનગરમાં આગામી તહેવારોને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા

# ૧૦૦ પોલીસકર્મીએ સંવેદનશીલ વિસ્તારોમાં કર્યું ફૂટ પેટ્રોલિંગ, ૮૨ કોન્સ્ટેબલની બદલી

હિંમતનગરમાં તહેવારોને ધ્યાનમાં રાખીને પોલીસે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. ડીવાયએસપી એ.કે. પટેલના નેતૃત્વમાં એલસીબી પીઆઈ સહિત એ, બી અને ગ્રામ્ય પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ૧૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ સાથે સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.



શહેરના હસનનગર, છાપરિયા, વણઝારાવાસ, હુસૈની ચોક, પોલોગ્રાઉન્ડ અને ન્યાય મંદિર વિસ્તારમાં ચાંપતી નજર રાખવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારમાં પાણપુર, ઝહીરાબાદ, માલીવાડ અને આરટીઓ સર્કલ સહિતના વિસ્તારોમાં પણ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન, સાબરકાંઠા જિલ્લા પોલીસવડા વિજય પટેલે જિલ્લાના ૧૬થી વધુ પોલીસ સ્ટેશનમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. હિંમતનગર ગ્રામ્ય, એ ડિવિઝન, બી ડિવિઝન, ગાંભોઈ, ઈડર, જાદર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, ખેરોજ, વિજયનગર, ચિઠોડા, તલોદ અને પ્રાંતિજ સહિતના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૮૨ પોલીસ કર્મચારીઓની આંતરિક બદલીના આદેશ કરવામાં આવ્યા છે. આ બદલીઓમાં આર્મ્ડ અને અનઆર્મ્ડ હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ અને મહિલા હેડ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે.

# રાજ્યમાં બહેનો અને દીકરીઓ પર અત્યાચાર થઈ રહ્યા છે, રાબડી દેવી




પટણા,તા.૧૮

હોળીની રજાઓ પછી બિહાર વિધાનસભાનું બજેટ સત્ર ફરી શરૂ થઈ રહ્યું છે. આજે પ્રશ્નકાળ દરમિયાન, પંચાયતી રાજ વિભાગ દ્વારા અરુણ શંકર પ્રસાદ, હરિ ભૂષણ ઠાકુર બચૌલ અને સુધાંશુ શેખર તરફથી મળેલી ધ્યાન સૂચના પર નિવેદન આપવામાં આવશે. અહીં, રાજ્યમાં વધતા ગુનાઓ, પોલીસકર્મીઓ પર હુમલા,બીપીએસસી ૭૦મી પરીક્ષા, એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ અને રસોઈયાના પગાર જેવા મુદ્દાઓ પર વિપક્ષે સરકારને ઘેરી હતી.વિધાનસભા પરિસરમાં વિપક્ષી ધારાસભ્યોએ નીતિશ સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું. અહીં, લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવના હોળી પરના નિવેદન અને પ્રવૃત્તિઓને લઈને શાસક પક્ષના ધારાસભ્યોએ રાષ્ટ્રીય જનતા દળને ઘેરી લીધું. તેમણે વધતા ગુનાઓને રોકવા માટે યોગી મોડેલ લાગુ કરવા વિશે પણ વાત કરી. બિહારમાં હોળી અને રમઝાન દરમિયાન થતી ગુનાહિત ઘટનાઓ અંગે ભાજપના ધારાસભ્ય હરિભૂષણ ઠાકુર બચૌલે જણાવ્યું હતું કે બિહારમાં સંપૂર્ણ સુશાસનની સરકાર છે અને સરકાર અને પોલીસ વહીવટીતંત્ર દરેક ઘટના પર નજર રાખી રહ્યું છે અને ગુનેગારોને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં. આ દરમિયાન, આરજેડી ધારાસભ્ય મુકેશ રોશને એનડીએ સરકાર પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે એનડીએ સરકારના શાસનમાં ગુનેગારો નિર્ભય બની ગયા છે. પહેલા તેઓ સામાન્ય લોકોને નિશાન બનાવતા હતા, હવે તેઓ સીધા પોલીસને મારી રહ્યા છે. સરકાર ગુનાખોરીને રોકવામાં નિષ્ફળ ગઈ છે.

# બનાસકાંઠાના કર્મચારીઓએ કલેક્ટરને આપ્યું આવેદન, આંદોલનની ચીમકી

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

બનાસકાંઠા જિલ્લાના નિવૃત્ત કર્મચારીઓએ પેન્શન વધારાની માગણી સાથે પાલનપુર કલેક્ટર કચેરી ખાતે એકત્રિત થયા હતા. કર્મચારીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. કર્મચારીઓએ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને નિગમના પેન્શનમાં રહેલા ભેદભાવ સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે જણાવ્યું કે ગત વર્ષે પણ



આ માગણી સાથે રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી તેમની માગણીઓનો કોઈ ઉકેલ આવ્યો નથી.

નિવૃત્ત કર્મચારીઓએ ચેતવણી આપી છે કે જો તેમની માગણીઓ નહીં સંતોષાય તો રાજ્યના તમામ નિવૃત્ત કર્મચારીઓ એકત્રિત થઈને ઉગ્ર આંદોલન કરશે.

આ આંદોલનની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે તેવું તેમણે સ્પષ્ટ કર્યું છે.

Volume : 10 Issue : 345 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002